વિશ્વ ડાયાબિટીસ દિવસ અન્વયે ગુરુવારે શહેરમાં ફ્રી આઈ ચેકઅપ તેમજ બ્લડસુગર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેજ આઈ સેન્ટરના ડૉ. તેજલ દલાલે કેમ્પ દરમિયાન સેવા પુરી પાડી દર્દીઓની તપાસ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૧૫૦થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

એક કરોડનો ચૂનો લગાડી દેનાર કુડાસણના બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૪

સેક્ટર-૨૨માં રહેતા રોહિતભાઈ રાવલે ગાંધીનગર-કોબા રોડ પર સ્થિત કુડાસણ ખાતે રહેતા સંબંધીને રૂ. ૧ કરોડ વ્યવસાય કરવા માટે આપ્યા હતા. કુડાસણના પરિવારે આપેલા વિવિધ બેંકના ચેક બાઉન્સ થયા હતા અને ત્યારથી ચૂનો ચોપડીને ફરાર થઈ ગયા હતા. છેતરપીંડી આચરનાર ત્રણ પૈકી બે ની સે. ૭ પોલીસે ધરપકડ કરી લીધી છે. કોર્ટમાં રજુ કરતાં બન્ને આરોપીઓના બે દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે.

સેક્ટર-૨૨માં સ્થિત આનંદવાટીકા ખાતે રહેતા રોહિતભાઈ રાવલે કુડાસણ ખાતે સિલ્વર શુકન ફ્લેટમાં રહેતા તેમના સંબંધી જયેશ રાવલ, નિતેશ રાવલને સિંગાપુર વ્યવસાય કરવા રૂ. ૧ કરોડ આપ્યા હતા. બે વર્ષ પહેલા આપેલા આ રૂપિયા સામે અલગ-અલગ બેંકના ચેક તેમણે રોહિતભાઈને આપ્યા હતા. આ તમામ ચેકો બાઉન્સ થયા હતા. જે અંગે સંપર્ક કરતાં જયેશ રાવલ અને નિતેશ રાવલે કોઈ જવાબ આપ્યો ન હતો. રૂપિયા પરત ન મળતા રોહિતભાઈએ બન્ને ભાઈઓ અને વર્ષા રાવલ મળીને ત્રણ સામે સે. ૭ પોલીસમથકમાં છેતરપીંડીની ફરીયાદ નોંધાવી હતી. સે. ૭ પોલીસે નિતેશ અને જયેશની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ૧૬ નવેમ્બર બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે ઊંડી પુછપરછ હાથ ધરી છે.

બિમારીથી કંટાળીને પરિણીતાએ અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લીધી

જિલ્લાના દહેગામ તાલુકા ખાતે આવેલા બાવળાની મુવાડી ગામે રહેતી ૨૮ વર્ષિય પરિણીતાએ બિમારીથી કંટાળીને ગઈકાલે સવારે પોતાના ઘરે અનાજમાં નાંખવાની ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. રખિયાલ પોલીસ મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. દહેગામ તાલુકાના બાવળાની મુવાડી ગામમાં રહેતી ૨૮ વર્ષિય પરિણીતા ગીતાબેન રમેશજી ઝાલાને ઘણા સમયથી છાતીમાં દુઃખાવાની તકલીફ હતી. બે દિવસ અગાઉ મોડી સાંજે દુઃખાવો ઉપડતા તેણીએ દવાખાને લઈ જવા પરિવારજનોને કહ્યું હતું. સવારે લઈ જઈશુ તેવો જવાબ પતિએ આપતા ગીતાબેને દવાખાને જવાનું ટાળ્યું હતું. સવારે ઉઠીને ગીતાબેને ઝેરી દવા પી લીધી હતી. તેણીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. તેણીનું સારવારમાં પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું.

ગાંધીનગરના કોંગી અગ્રણી અશ્વિન બારોટ રાજીવ ગાંધી આવાસ યોજનામાં ડીરેક્ટર નિમાયા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી જશુભા રાણાની ભલામણથી કેન્દ્રીય મંત્રી શ્રી ગીરજા વ્યાસે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયમાં રાજીવ ગાંધી આવાસ યોજનામાં અશ્વિનભાઈ બારોટની ડીરેક્ટર તરીકે નિમણુંક થયેલ છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસમાં વર્ષોથી સક્રીય અશ્વિનભાઈ બારોટે યુવક કોંગ્રેસ સેક્ટર-૨૪ના પ્રમુખ તરીકે ૧૯૮૬ થી કોંગ્રેસમાં સક્રીય રહી યુવક કોંગ્રેસના ગાંધીનગરના પ્રમુખ તરીકે ગાંધીનગર જિલ્લામાં મહામંત્રી તથા ગાંધીનગર જિલ્લાના પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં ખાસ આમંત્રિત સભ્ય તરીકે ગાંધીનગરમાં આર્ટસ કોમર્સ સાયન્સ કોલેજના જી.એસ. તરીકે તથા છેલ્લા ઘણા વર્ષોથી ગાંધીનગર જિલ્લા ખાદી મંદીરના ચેરમેન તરીકે કેન્દ્ર સરકારમાં ઓલ ઈન્ડિયા હેન્ડલૂમ બોર્ડના ડીરેક્ટર તરીકે સેવાઓ આપેલ છે.

અશ્વિનભાઈ બારોટની કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રાજીવ ગાંધી આવાસ યોજનામાં ડીરેક્ટર તરીકે નિમણૂંકને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ જશુભા રાણા, પૂર્વ પ્રમુખ અને ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ધારાસભ્ય સર્વશ્રી બળદેવજી ઠાકોર, અમીત ચૌધરી, કામીનીબા રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, જિલ્લાના આગેવાનો સર્વશ્રી સૂર્યસિંહ ડાભી, મુલચંદભાઈ રાઠોડ, યાકુબભાઈ મનસુરી, લાલભાઈ પટેલ, બાબુજી ઠાકોર, જગદીશભાઈ પટેલ, બાબુજી ઝાલા, ગણપતજી ઠાકોર, મંગળસિંહ સોલંકી, સુરેશભાઈ પટેલ, જુગાજી ઠાકોર, અજીતસિંહ વાઘેલા, સદેસિંહ ઝાલા, રામાજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ભરતજી ઠાકોર, ગાભુસિંહ રાઠોડ, કૌશિકભાઈ સુખડીયા, ઘનશ્યામભાઈ પ્રજાપતિ, પંકજભાઈ પટેલ, કાળુસિંહ બિહોલા, મહોબતસિંહ વાઘેલા, નંદુભાઈ અમીન, ભરતભાઈ રબારી, ચેતન બારોટ, જયદીપજી ઠાકોર, કોંગ્રેસના આગેવાનો, મહિલા કોંગ્રેસ યુવક કોંગ્રેસ, એનએસયુઆઈ, સેવા દળ વગેરે આગેવાનોએ આવકારી અભિદન પાઠવેલ છે.

ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ આયોજિત ૬૦મો અખિલ ભારત સહકાર સપ્તાહની ભવ્ય ઉજવણી

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ આયોજિત ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના ૧૨૫મા જન્મદિવસ ૧૪મી નવેમ્બરથી ૨૦મી નવેમ્બર સુધી દર વર્ષે ૬૦મો અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણીના અંતર્ગત ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સ્થાન શોભાવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શાબ્દિક પ્રવચન શ્રી દશરથભાઈ અમીને સર્વ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. જ્યારે મુખ્ય મહેમાન તરીકે અમદાવાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના અધ્યક્ષે ત્યારબાદ સહકાર સપ્તાહના સંદેશાનું વાંચન પ્રકાશભાઈ પટેલે કર્યું હતું. જ્યારે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણાએ પ્રવચન કરતાં જણાવ્યું કે સહકારી ક્ષેત્ર દ્વારા આર્થિક સામાજિક ક્રાંતિ ખેડૂતોની સમૃદ્ધિમાં સહકારની વ્યાખ્યા સમજાવી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ક્રોદરભાઈ પટેલ, મોહનભાઈ ભરવાડ, લાલભાઈ પટેલ, એલ.કે. વાઘેલા વગેરે મહાનુભાવોએ સહકારી ક્ષેત્રની પ્રવૃત્તિઓ તથા વિકાસની યશગાથા વર્ણવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ બેંકો, મંડળીઓ વગેરે સંસ્થાઓના ચેરમેનો, ડિરેક્ટરો તથા સભાસદો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે જિલ્લાક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બજાવવા બદલ ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક, અર્બન બેંક તથા અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંકના શિલ્ડ અને પ્રશસ્તિપત્ર તથા શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું. જ્યારે અંતમાં સમગ્ર કાર્યક્રમની આભારવિધિ માધુભાઈ ચૌધરીએ કરી હતી.

કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદોને ગરમ વસ્ત્રો પુરા પાડવા અભિયાન

ગાંધીનગર, તા. ૧૪

શહેર વસાહત મહામંડળ, સદ્‌વિચાર પરિવાર તેમજ અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં કામ કરતા મજૂરો તેમજ આદિવાસી વિસ્તારના જરૂરિયાતમંદોને ધાબળા, સ્વેટર સહીતના ગરમ વસ્ત્રો પુરા વાડવાનું ઉમદા અભિયાન હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધી છેલ્લા ૧૯ વર્ષમાં ૧.૩૫ લાખ જરૂરિયાતમંદોને સેવા પુરી પાડવામાં આવી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે જરૂરિયાતમંદોને ગરમ કપડાની હૂંફ પહોંચાડવા નગરજનોને આગામી તા. ૩૧ ડિસેમ્બર સુધીમાં આર્થિક સહયોગ આપવા અપીલ કરી છે. આ માટે સેવાભાવી પ્રતિનિધિઓનો સંપર્ક કરવા જણાવાયું છે.

નામ	સેક્ટર	ફોન નંબર
ભૂપેન્દ્રભાઈ બેંકર	-	૨૬૮૬૦૧૯૭
પ્રમુખ-સદ્‌વિચાર પરિવાર	-	૨૬૮૬૨૧૮૯
પી.કે. લહેરી	-	-
કે. આર. સીગ	-	-
પ્રફુલભાઈ અધવર્યુ	-	-
માણેકલાલ પટેલ	-	-
અરૂણભાઈ બુચ	સે. ૨૦	૨૩૨-૬૦૩૭૦
પ્રમુખ-શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર		૯૮૨૫૦૧૮૧૩૪
કિશોરભાઈ દવે	સે.૧	૨૩૨-૨૪૩૩૯
એલ.ટી. ઓઝા	સે. ૩-બી	૯૭૨૩૨૩૫૯૨૯
કશ્યપભાઈ મહેતા	સે.૪-એ	૨૩૨૩૬૩૩૦
શશિકાંત મોઢા	સે. ૪-એ	૨૩૨-૩૧૭૬૬, ૯૪૨૬૮૭૧૯૨
આર.એચ. ધામેચા	સે.૪-સી	૯૮૨૪૪૧૬૦૦૨
નિલેન્દુ વોરા	સે.૫-એ	૯૪૨૭૮૦૧૪૦૩
જયેશભાઈ ધ્રુવ	સે.-૫-એ	૯૮૨૫૩૯૮૩૩૮
અમરિશ ઓઝા	સે. ૬	૨૩૨-૨૭૯૩૮
મયુરભાઈ વ્યાસ	સે. ૭-ડી	૨૩૨-૨૫૩૮૦
ચંદ્રકાંત જોષી	સે.૭-એ	૨૩૨-૨૮૪૬૩
બી.એ. શુકલ	સે.૮	૨૩૨-૨૬૨૭૫
ચંદુજી ઠાકોર (ફતેપુરા)	સે. ૧૫	૯૯૭૯૫૦૭૫૭૬
રેવાભાઈ પરમાર	સે. ૧૪	૨૩૨-૩૭૯૩૫
ગજેન્દ્ર એન. ખારોડ	સે.૨૦	૩૨૦૬૦૦૬૪
સી.જી. કાંસવા	સે.૨૨	૯૭૧૪૭૨૬૮૪૬
સી.પી. સોની	સે.૨૧	૨૩૨-૨૧૮૩૫
સી.ડી. ધનેશ્વર	સે.૨૨	૨૩૨-૨૫૩૫૭
ઉદયભાઈ ત્રિવેદી	કોલવડા	૯૯૨૪૫૧૫૬૪૯
શ્રીમતી લતાબેન ચોકસી	સે.૨૩	૨૩૨-૨૦૧૬૦
સુધીરભાઈ દેસાઈ	સે.૨૩	૨૩૨-૨૫૨૯૭
જે.કે. પટેલ	સે.૨૩	૯૮૭૯૮૩૧૦૮૭
બાબુભાઈ પટેલ	સે.૨૭	૨૩૨-૨૫૩૬૨
જનકભાઈ રાવલ	સે.૨૭	૨૩૨-૪૭૫૦૩
એસ.ડી. પરમાર	સે. ૨૭	૨૩૨-૪૮૪૮૫
કે.પી. પરમાર	સે.૨૭	૯૯૨૫૭૮૯૪૦૬
સીતારામ પટેલ	સે.૨૮	૯૩૭૪૬૦૬૩૭૬
દિનેશસિંહ ચાવડા	સે.૨૮	૨૩૨-૧૧૩૨૨
નવલસિંહ પરમાર	સે.૨૯	૯૯૨૪૮૫૦૩૨૪
ભાલચંદ્ર શુકલ	સે.૩૦	૨૩૨-૬૦૫૪૩
કિશોરભાઈ જીકાદરા	સે.૩૦	૯૮૭૯૪૭૫૧૩૦
ભરતભાઈ દિક્ષીત	બોરીજ	૯૪૨૭૩૩૫૩૯૪

સંક્ષિપ્ત સમાચાર

આસિયાની માસિક સભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૪

એસોસિએશન ઓફ સિનીયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકસના સભ્યોની નવેમ્બર માસની માસિક સભા તા. ૧૭મી નવેમ્બર રવિવારના રોજ સવારે દસ વાગે સીનીયર સિટિઝન્સ કાઉન્સિલના નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે એમ આસિયાના મંત્રી એચ.બી. શાહે જણાવ્યું છે.

જિલ્લા ભાજપ સહકાર સેલના કન્વીનર નિમાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા ભાજપમાં જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ દ્વારા જિલ્લા સહકાર સેલનાં સહ કન્વીનર તરીકે કનુભાઈ સાકાભાઈ પટેલ આલમપુરની વરણી કરવામાં આવી છે.

વિધાનસભા સંકુલમાં નહેરુજીને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૧૪

બાળકોના પ્યારા અને ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂના ૧૨૫મા જન્મદિવસ નિમિત્તે વિધાનસભા બિલ્ડીંગના પોડિયમમાં શ્રી નહેરુજીને પુષ્પાંજલિ વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળાએ અર્પણ કરી હતી. ધારાસભ્યશ્રી મંગુભાઈ પટેલ, વિધાનસભા સચિવાલય સચિવશ્રી ડી.એન. પટેલ તથા નાના બાળકો ઉપસ્થિત રહ્યા હતાં.

નાની દશકોશી વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આવેલ શ્રી નાની દશકોશી અઢારગામ વણકર સમાજનો સ્મેહમિલન સમારંભ તા. ૧૬ નવેમ્બર સાંજે ૬.૦૦ કલાકે આંબેડકર હોલ સે. ૧૨ ખાતે યોજવામાં આવશે. જેમાં વણકર સમાજના સર્વે જ્ઞાતિજનોને પધારવા ડી.એમ. પરમાર, પરેશ પરમાર, અમિત રાઠોડ જણાવ્યું છે.

દેવ દિવાળીના દિવસે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૪

દેવ દિવાળીના દિવસે આનંદનો ગરબો પુષ્પાબેન એન. ઠક્કરના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૬૨/૨ સેક્ટર-૨-એ ખાતે તા. ૧૭ નવેમ્બર રવિવારે માઈ મંડળના ભાવનાબેન ગોકલાણીના સુરમધુર કંઠે ગવાશે. આનંદના ગરબામાં સર્વ માઈ ભક્તોને પધારવા પ્રફુલ્લાબેન ભાવસાર દ્વારા જણાવાયું છે.

સે-૩/સી શકિત ચોક ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સેકટર-૩-સીમાં આવેલ શકિત ચોક મંદિરમાં તા. ૧૭ નવેમ્બર દેવદિવાળીના દિવસે બપોરે ૨ થી ૫.૩૦ કલાકે 'મા મેલડી આનંદ ગરબા મંડળ' ના શ્રીમતી મધુબેન કે. કડીકરના મધુરકંઠે આનંદનો ગરબો રાખેલ છે. સર્વે ભાવિ ભકતોને પધારવા પ્રફુલ્લાબેન ભાવસાર દ્વારા જણાવાયું છે.

કલોલમાં નાગર પરિવારનો લગ્ન પસંદગી મેળો યોજાશે

કલોલ, તા.૧૪

અખિલ ભારતીય નાગર પરિષદ અને સમગ્ર નાગર પરિવાર કલોલના સંયુકત ઉપકમે લગ્ન પસંદગી મેળો તા. ૪-૫-જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ગણેશ પાર્ટીપ્લોટ કલોલમાં યોજાનાર છે. ઈચ્છુક ઉમેદવારોને નિયત ફોર્મ ભરીને ફોટા સાથે માહિતી તા. ૨૦ મી ડીસેમ્બર ૨૦૧૩ સુધીમાં મોકલી આપવી. બે વાલી, ઉમેદવારના ભોજન-નાસ્તાની-રહેવાની સગવડ માટે માહિતી પુસ્તિકા સાથે રૂ. ૨૦૦ રજીસ્ટ્રેશન ચાર્જ ભરવાનો રહેશે. કલોલમાં નાગરમિત્રો પાસેથી ફોર્મ મળી શકશે. ઉપરાંત ૦૨૭૬૪ ૨૨૭૩૩૭ તથા ૯૮૨૫૨ ૬૩૨૮૮ પર સંપર્ક સાધવાનો રહેશે.

અવસાન નોંધ

ગાંધીનગર સ્થિત અશોકભાઈ, મનોજભાઈ, નરેન્દ્રભાઈ, રાજેન્દ્રભાઈ રાવલ અને અરુણાબેન જહાના માતૃશ્રી સ્વ. ઈન્દીરાબેન માણેકલાલ રાવલ (ઉનાવા-બાલવા) તા. ૧૨ નવેમ્બરના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૬ નવેમ્બર શનિવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૨૧૪ શિવમ સોસાયટી સે-૨૭ ગાંધીનગર નિવાસસ્થાને રાખેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૭
સૂર્યાસ્ત : ૫.૫૫

તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૩.૨૫

: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૩ :
રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦

: સ્ક્રીન-૪ :
રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ-૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ક્રિશ-૩ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :
રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦
રામલીલા : ૪.૦૦
ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

સિંહ : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર-વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. ગોકળભાઈ સોમાભાઈ પટેલ (ઉ.વ. ૮૨) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભીખીબેન નારણભાઈ રાઠોડ (ઉ.વ. ૯૫) મુ.પો. પ્લોટ નં. ૯૩૩/૧, સે-૩ડી, ગાંધીનગર.
- સ્વ. દેવજીભાઈ રૂપાભાઈ ઠાકોર (ઉ.વ.૭૫) મુ.બાલવા (ઉનાવા) તા.કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. ચંદુભાઈ હાલજીભાઈ શ્રીમાળી (ઉ.વ. ૬૭) મુ.પો. ઈન્દ્રોડા તા., જિ. ગાંધીનગર.